સુવિચાર

ખોટો માણસ 'પૂજાય' અને સાચો માણસ 'મુંજાય' બસ એનું નામ જ કળિયુગ !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૭/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિ ૐ
PENDAWALA
એકાદશી નિમિતે
ફરાળી પેટીસ
ફરાળી ખિચડી
આખો દિવસ
ગરમા ગરમ મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ,
દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૧૭૬



# અમરેલીનો
# સૌ પ્રથમ પ્રોપર્ટી એક્સ્પો

**12 & 13 JULY - શનિવાર - રવિવાર (10 AM to 10 PM)**

**INVESTMENT કરવું છે ને?**

**તો AHMEDABAD અને GANDHINAGAR થી BEST શું હોઈ શકે**
**2 BHK, 3 BHK, 4 BHK, PENTHOUSE, SHOWROOMS, OFFICE**

**GUARANTEED RETURNS**

SAFFRON FLORA NATURE INSPIRED LIVING
@સરગાસણ
ગાંધીનગર



EKAM
@કુડાસણ
ગાંધીનગર



SAFFRON Sky
@નિકોલ
અમદાવાદ



**DEVELOPER : BHAVIN SOJITRA**

CONTACT US :
+91 85114 92222

LOCATION : Old Market Yard,
Hotel Angel Lords (Banquet Hall)

## સામાન્ય વરસાદ પાડીને મેઘરાજાએ ભ્રષ્ટાચારનો કર્યો પર્દાફાશ

# ચલાલાનાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં પાણીનો ભરાવો

સતત પાણીનાં ભરવાથી મચ્છરનો ઉપદ્રવ વધતાં રોગચાળાનો ખતરો

શહેરીજનોએ અવારનવાર રજૂઆત કરી છતાં પરિણામ શૂન્ય

જનપ્રતિનિધિઓ શહેરીજનોની સમસ્યા દૂર કરવામાં ઉદાસીન

પાલિકા દ્વારા યુદ્ધનાં ધોરણે મોરમ, કપચી પાથરવામાં આવે તેવી માંગ






ચલાલા, તા. ૫

ચલાલામાં થોડોક જ વરસાદ પડતા બસ સ્ટેન્ડ વિસ્તારમાં અને બસ સ્ટેન્ડના ત્રણેય દરવાજાની બહાર મસમોટા ખાડામાં પાણીના પાટોડા ભરાતા બસની મુસાફરી કરતા મુસાફરો તથા બસ સ્ટેન્ડ વિસ્તારમાં નાના–મોટા વેપાર ધંધા કરતા દુકાનદારો સહિતના લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. પાણીના પાટોડાના કારણે માખી, મચ્છર, જીવાતનો ઉપદ્રવ ખૂબ વધ્યો છે જેના કારણે મેલેરીયા અને જાડાના રોગોનું પ્રમાણ પણ વધ્યું છે. લોકોએ અનેક વખત તંત્રને રજૂઆત કરી છતાં કોઈ જ નિરાકરણ થતું નથી. બસ સ્ટેન્ડ વિસ્તારના લોકો અને એસ.ટી. બસમાં મુસાફરી કરતા પેસેન્જરો ભારે યાતના સહન કરી રહ્યા છે છતાં તંત્રના પેટમાં પાણી હલતું નથી. ચલાલા શહેરમાં પણ જયાં ત્યાં મસમોટા ખાડામાં પાણીના પાટોડા ભરાવાથી ગંદકીનો માહોલ સર્જાયો છે. લોક પ્રતિનિધિ ઘોર નિંદ્રામાં પોઢી રહ્યા છે. લોક પ્રતિનિધિને પ્રજાની સમસ્યા ધ્યાનમાં આવતી નથી એવું જનતાને લાગી રહ્યું છે. બસ સ્ટેન્ડ વિસ્તારમાં ભરાયેલા પાણીના પાટોડામાં માત્ર ચાર–પાંચ ટ્રેકટરની લારી કપચી ઠાલવવામાં આવે અને ડી.ડી.ટી. પાવડરનો છંટકાવ કરવામાં આવે તો પણ પેસેન્જર અને બસ સ્ટેન્ડ વિસ્તારના દુકાનદારોની સમસ્યા હલ થઈ જાય તેમ છે. છતાં પણ લોક પ્રતિનિધિ આટલું નાનુ કામ પણ કરાવી શકતા નથી. ચુંટણી ટાઈમે મત લેવા આવતા નેતાઓ લોકોને હથેળીમાં ચાંદ દેખાડતા હોય છે. જેથી લોકોમાં ચલાલાના લોક પ્રતિનિધિ પ્રત્યે નારાજગીનો માહોલ ઉભો થયેલ છે. તેવી જ રીતે શહેરના ભરચક વિસ્તાર તીનબતી ચોકથી જૂની નગરપાલિકા અને સ્મશાન સુધીનો માર્ગ પણ અતિ બિસ્માર અને ખાડા ખબડ વાળો હોવાથી આ માર્ગમાં પણ ભૂગર્ભ ગટરની કુંડી અવારનવાર છલકાતી હોવાથી આ માર્ગ પર પણ ગંદા પાણીની નદીઓ વહતી રહે છે. જેથી શાક માર્કેટમાં શાકભાજી લેવા આવતી બહેનો અને સિનિયર સિટીઝન લોકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. તંત્ર દ્વારા વહેલી તકે બસ સ્ટેન્ડ વિસ્તારમાં ગંદા પાણીના પાટોડા ભરાયા છે ત્યાં ચાર પાંચ કપચીના ટ્રેકટર ઠાલવી લોકોની સમસ્યા સત્વરે હલ કરે તેવી લોકો માંગણી સાથે અપેક્ષા રાખી રહ્યા છે.

### સ્થાનિક પીઆઈનાં માર્ગદર્શનતળે કામગીરી

## જાફરાબાદ ટેલીકોમ કચેરીમાંથી લેપટોપની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

આરોપી વિપુલભાઈ બારૈયા વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૫

જાફરાબાદ લાઈટ હાઉસ રોડ તુર્કી મહોલ્લામાં રહેતા મુનાવરભાઈ ઈસ્લામુદીનભાઈ સોરઠીયા નામના ૩ર વર્ષિય યુવકની તા. ૪ના રોજ જાફરાબાદ જેટી સામે આવેલ એરટેલ ટેલીકોમ ઓફીસમાંથી ઓફીસનું સીલ્વર કલરનું લેપટોપ કિંમત રૂપિયા ૩પ,૦૦૦નું કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની જાફરાબાદ પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ બનાવ અંગે જાફરાબાદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. જે.આર. ભાચકનની રાહબરી હેઠળ લેપટોપ ચોરીના ગુન્હાને અંજામ આપી નાસી ગયેલ આરોપીની તપાસ કરવા જાફરાબાદ પોલીસ ટીમે ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સીસ મારફતે આરોપી અંગે ચોક્કસ હકિકત મેળવી, ગુન્હાને અંજામ આપનાર જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાં રહેતા આરોપી વિપુલભાઈ રમેશભાઈ બારૈયા ઉર્ફે ઘોયરાવાળાને ચોરીમાં ગયેલ મુદામાલ લેપટોપ સાથે ઝડપી લઈ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખેલ છે.



### સાવરકુંડલા ભાજપનાં પૂર્વ મહામંત્રીએ કરી રજૂઆત

## ખાંભા પંથકમાં છેલ્લા ૩ વર્ષમાં ''મનરેગા'' યોજનામાં બેફામ ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ

ભાજપ સરકારનાં ભ્રષ્ટાચાર સામે ભાજપીઓ મેદાનમાં

અમરેલી, તા. ૫

હાલમાં જયારે સમગ્ર ગુજરાત રાજયના ઘણા જિલ્લાઓમાં કેન્દ્ર સરકારની મનરેગા યોજનાના કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારનો ભાંડો ફૂટી રહ્યો છે અને ઘણા મોટા નેતાઓ સહિત અનેક ભ્રષ્ટાચારીઓ જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા છે. ત્યારે હવે અમરેલી જિલ્લામાં પણ કેન્દ્ર સરકારની ગરીબોને રોજગાર રોજી મળી રહે અને સાથો સાથ ગામડાઓમાં વિકાસના કાર્યો થાય તેવા હેતુથી અમલમાં આવેલી મનરેગા યોજનામાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર અંગે સાવરકુંડલા શહેર ભાજપનાં પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા ફરિયાદ થવા પામી છે.

ખાંભા તાલુકામાં ગત વર્ષ ૨૦૨૧થી વર્ષ ૨૦૨૪ દરમિયાન થયેલા મનરેગા યોજનાના કામોમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચારની માહિતી સામે આવી છે. વર્ષ ૨૦૨૧થી વર્ષ ૨૦૨૪ દરમિયાન ખાંભા તાલુકામાં થયેલા મનરેગાના કામોમાં ખાંભા તાલુકા પંચાયતના આ વિભાગના જવાબદાર કર્મચારી, અધિકારી, સંબંધિત ગામના તલાટી તેમજ સરપંચ અને આ કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના કૌભાંડના મુખ્ય સુત્રધાર ધનંજય કન્સ્ટ્રકશન કંપની (મુ. ખોરાસા ગીર, જીલ્લો–જુનાગઢ) વિગેરે દ્વારા મેળાપીપણું કરી, ખોટા બિલો ઉધારી અને એક સરખી રકમના બીલો બનાવી, વાઉચરોમાં રકમ સાથે ચેડા કરી ખૂબ જ મોટાપાયે રકમની ખાયકી કરવામાં આવી છે. ખાંભા તાલુકાના મનરેગા યોજનામાં જે ગામમાં મજૂરીકામ દર્શાવવામાં આવ્યું છે તેની મજૂરોની હાજરીની મસ્ટર બુકમાં મજૂરોની ખોટી સહીઓ કરવામાં આવી છે અને મોટાભાગની સહિઓ એક જ વ્યકિતના અક્ષરોથી કરવામાં આવી હોય તેવું જણાય છે તેમજ મજૂરી કામ માટે આખા ઘરના દરેક સભ્યના ખોટા નામ દર્શાવી તેમના નામે ખોટી મજૂરી ચૂકવી, અમુક રકમ જે તે ગેરહાજર સભ્યોને ચૂકવી બાકીની રકમના નાણાંની ખાયકી થઈ ગયેલ છે.

ખાંભા તાલુકાના કરોડો રૂપિયાના કૌભાંડના મૂળમાં આ યોજનાનું કામ રાખનાર ધનંજય કન્સ્ટ્રકશન કંપનીની ભૂમિકા સ્પષ્ટપણે છે, આ ધનંજય કન્સ્ટ્રકશન કંપની દ્વારા સંબંધિત વિભાગ સાથે સાંઠગાંઠ કરી ઘણા ગામોમાં રોડ રસ્તાના કામોમાં એક સરખા માપ રાખી, એક સરખી રકમના ખોટા બીલો બનાવી, કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ છે. આ યોજનાના અમુક વર્ક ઓર્ડરમાં તારીખો પણ લખવામાં આવેલ નથી અને ઘણા વાઉચરોની રકમમાં ચેડા કરી રકમ વધારી દેવામાં આવેલ છે. આમ ખાંભા તાલુકામાં વર્ષ ૨૦૨૧થી વર્ષ ૨૦૨૪ દરમિયાન થયેલા મનરેગા યોજનાના કામોમાં ચૂકવેલ નાણાના ૩૦% કામો પણ થયેલા નથી અને ૭૦%થી વધુ રકમનો ભ્રષ્ટાચાર કરવામાં આવેલો છે.

આજે જયારે દેશના પ્રમાણિક અને કર્તવ્યનિષ્ઠ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારના ગરીબ લોકોને રોજગારી મળી રહે તે માટે અથાગ પ્રયત્નો થઈ રહ્યા હોય. ત્યારે આવા સંબંધિત વિભાગના જવાબદાર ભ્રષ્ટાચારી કર્મચારી, અધિકારી, ગ્રામ્ય વિસ્તારના જવાબદાર તલાટી મંત્રી, સરપંચ અને આ કામ રાખનાર ધનંજય કન્સ્ટ્રકશન કંપની દ્વારા કાવતરૂં રચી, ગરીબોના મોઢાનો કોળિયો ઝુંટવવા સમાન કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ હોય. આ અંગે સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને સંબંધિત વિભાગમાં લેખિતમાં ફરિયાદ કરવામાં આવેલ હોય. હવે આગામી દિવસોમાં આ અંગે વિજિલન્સ તપાસ થવાની શકયતા સાથે ભ્રષ્ટાચારનો પર્દાફાશ થશે.

### અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયાએ શુભેચ્છા પાઠવી

## ICAનાં ચેરમેનની ચૂંટણીમાં વિજેતા થવા બદલ હર્ષ સંઘાણી ઉપર શુભેચ્છાનો વરસાદ

૧૩૦ વર્ષનાં ઈતિહાસમાં સૌ પ્રથમ ભારતીયને તક મળી




અમરેલી, તા. ૫

અમરેલી અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયાએ એક નિવેદનમાં જણાવેલ છે કે, ૧૮૯૫માં લંડનમાં સ્થાપિત તેમનુ મુખ્ય મથક બ્રુસેલ્સ (બેલ્જિયમ) ખાતે મુખ્યાલય ધરાવે છે વિશ્વના ૧૦૫ દેશોમાથી ૩૦૬ સમુહો અને ૧ અબજથી વધારે સભ્યો ધરાવે છે. તેમના મુખ્ય હેતુ હંમેશા વૈશ્વિક સ્તરે સહકારના મુખ્ય પ્રતિક તરીકે રહેવુ, વિશ્વભરના સહકારી સંગઠનો એકસાથે જોડવા તેમજ સહકારી પ્રવૃતિ દ્વારા આઈસીએ સાથે સહકાર આપીને કુશળતા, જ્ઞાન અને સંકલિત કામગીરી માટે ફોરમ પુરૂ પાડે છે.

વધુમા જણાવેલ કે, હર્ષ સંઘાણી સહકારી ક્ષેત્રને એક નવી દિશા આપશે કારણ કે યુવાવસ્થા હોવાથી તેમની પાસે ઘણો બધો સમય છે. આજે વિશ્વના દેશો પણ ભારતની સહકારી પ્રવૃતિથી પ્રભાવીત છે તેવા સમયે હર્ષની સહકારી કોઠાસુઝનો લાભ નૂતન પદભાર સાથે આઈસીએને પણ મળશે જે આપણા માટે ગૌરવની બાબત છે. તેમ અખબારી યાદીના અંતમાં જણાવેલ છે.

## સુરત : પ્રજાપતિ ભાજપ વિચારધારાનાં પ્રમુખ તરીકે મહેશ ટાંકની વરણી

અમરેલી, તા. ૫

ગુજરાત પ્રજાપતિ ભાજપ વિચારધારા સંગઠનનાં ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈશ્વરભાઈ પ્રજાપતી દ્વારા સુરત મહાનગરનાં પદાધિકારીઓની નિમણુંક પ્રદેશની મુખ્ય કોર કમિટી સાથે પરામર્શ કરીને પ્રદેશ અધ્યક્ષ પુજય શ્રીમુખી મહારાજ દ્વારા વરણીઓ કરવામાં આવતા સુરત મહાનગરનાં પદાધિકારી તરીકે પ્રજાપતી મહેરભાઈ પરશોતમભાઈ ટાંકની સુરત મહાનગર પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.



## ગાધકડાથી વીજપડી માર્ગ હજુ સુધી બિસ્માર હાલતમાં



સાવરકુંડલા, તા. ૫

ગાધકડા વીજપડી માર્ગમાં અનેક વખત રજૂઆતો કરવા છતાં અધિકારીઓનું પેટમાં પાણી હલતું નથી ચાર પાંચ થી ગાબડા બુરીને જતા રહેતા હોય છે પરંતુ અધિકારીઓ દ્વારા આ વાતને કાળજી લેવામાં આવતું નથી રસ્તાની ખરાબીને કારણે અવાર–નવાર છાસવારે અકસ્માતો થતા હોય છે ક્યારેક કોઈકનું જીવ ગુમાવવાનો વારો પણ આવે છે અને ક્યારેક નાની મોટી ઈજાઓ પણ થતી હોય છે તો તાત્કાલિક અસરથી આ રોડ ગેરંટી પિરિયડમાં હોય અને સમારકામ થતો નથી તો આનો જવાબદાર કોણ...??

વરસાદની પરિસ્થિતિમાં વધારે પ્રમાણમાં ધોવાઈ ગયેલા રોડ અકસ્માત નોતરે તેવી પરિસ્થિતિ સર્જાય તો નવાઈ નહિ એમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

### યુવા નેતા મનિષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ

## અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકારી સેમિનારનું આયોજન કરાયું

અમર ડેરીનાં ચેરમેનનાં અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૫

અમરેલી ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંગાણીના માર્ગદર્શન હેઠળ આંતર રાષ્ટ્રીય સહકાર દિવસ અને ૧–જુલાઈ ૨૦૨૫ થી ૬–જુલાઈ ૨૦૨૫ આંતર રાષ્ટ્રીય સહકાર સપ્તાહ અંતર્ગત તેમજ આંતર રાષ્ટ્રીય સહકાર વર્ષ ૨૦૨૫ ના સંદર્ભે અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયાની અધ્યક્ષતામાં યુવાનોમાં સહકાર પ્રત્યેની જાગૃતતા આવે તેવા ઉમદા હેતુથી સહકારી સેમીનારનું આયોજન કરવામાં આવેલ આ તકે અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ સંદીપભાઈ અણ્યાળીયા અમરેલી જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ભાર્ગવ કુમાર ત્રિવેદી, કે. કે. પારેખ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ પાનસુરીયા અમરેલી જિલ્લા સહકારી સંઘના યુદ્ધ સમિતિના ડાયરેક્ટર રાજભાઈ જાની, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના મેનેજર સુરેશભાઈ સંઘાણી, પ્રોફેસર જે.એમ. તળાવિયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના સી. ઈ. આઈ શ્રી સાગરભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં યુવાનોને કેમ્પસ કોપરેટીવ વિશે માહિતી આપવામાં આવી હતી અને યુવાનોને કઈ રીતે કોપરેટીવ સંસ્થા ઉપયોગમાં થાય અને સહકાર દ્વારા રોજગારીની થતી ઊભી તકો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી.

## આમ આદમી પાર્ટીનાં શહેર પ્રમુખની આગેવાનીમાં પાલિકાનો ઘેરાવ

# બાબરામાં અપુરતી સફાઈનાં પ્રશ્ને મહિલાઓ દ્વારા હલ્લાબોલ

**મહિલાઓએ નગરપાલિકા હાય...હાયનાં નારા લગાવ્યા**

**પાલિકાનાં શાસકોએ મહિલાઓનો રોષ નિહાળીને તત્કાલ સફાઈની ખાત્રી આપી**

**ઉભરાતી ગટર, ગટરની ખુલ્લી કૂંડી સહિતની અનેક સમસ્યાઓ**

**જનતા જનાર્દન જાગૃત બને તો શાસકોને જવાબ આપવા આકરા પડે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૫

બાબરામાંનગરપાલિકાવોર્ડ નંબર ૨ના બસ સ્ટેન્ડ પાછળ તેમજ નિલવડા રોડ, ગોપાલક છાત્રાલય સહિતના વિસ્તારમાં અપૂરતી સફાઈ,ગટરની કુંડી ખૂલી, ઉભરાતી ભૂગર્ભ ગટર તેમજ ઉકરડા અને વરસાદનું પાણી જામ થયા બાદ થતા ગારાના કારણે આ વિસ્તારના લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. અનેકવાર રજુઆત કરવા છતાં પાલિકાદ્વારા ધ્યાન નહિ આપતા સ્થાનિક મહિલાઓ રોષે ભરાય પાલિકામાં ઉગ્ર રજુઆત કરી હતી. મહિલાઓ દ્વારા નગરપાલિકા હાયહાયના નારા સાથે સાજીયા લીધા હતા અને કચેરીમાં ધરણા પર બેસી ગયા હતા.

બાબરા આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ કૌશિકભાઈ ભરાડ દ્વારા જણાવ્યું હતું કે, આ વિસ્તારના લોકો નિયમિત વેરો ભરતા હોવા છતાં જાણે શહેરના લોકો ન હોય તેમ કોઈપણ જાતની પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં આવતી નથી. લોકોને પોતાની પ્રાથમિક સુવિધા માટે પાલિકાનો ઘેરાવ કરવો પડે તે શરમજનક બાબત છે. શહેરની મહિલાઓ ઉગ્ર રોષ સાથે પાલિકામાં ધસી આવતા પાલિકા તંત્ર એકસનમાં આવતા તાત્કાલિક અસરથી કામગીરી કરવાની ખાત્રી આપતા મામલો થાળે પડયો હતો.

## શિક્ષકો ઉતાવળમાં તાળુ મારીને થયા રવાના

# ખાંભા : પે.સેન્ટર શાળામાં ૪ બાળકો શાળામાં અને દરવાજો બંધ કરી દેવાયો

**શિક્ષણાધિકારીને રજુઆત બાદ તાળા ખુલ્યા**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

અમરેલી, તા. ૫

ખાંભા પે.સેન્ટર શાળામાં આજે ૪ બાળકો મેદાનમાં હોય અને શિક્ષકો દરવાજાને બહાર તાળુ મારીને જતાં રહેતા વાલીઓ અને જાગૃત નાગરિકોએ શિક્ષણાધિકારી સુધી રજુઆત કરતા અંતે તમામ બાળકોને દરવાજો ખોલીને ઘરે રવાના કરાયા હતા.

## ભ્રષ્ટાચારથી ખદબદતી પંચાયતો અને પાલિકાઓ બચાવની સ્થિતિમાં

# જાગ ઉઠી જનતા : ચલાલા, લીલીયા, બાબરા, સાવરકુંડલા સહિતનાં ગામોમાં જનતામાં વ્યાપક રોષ

**સમગ્ર દેશની જનતા જાગૃત્ત બને તો એકપણ ભ્રષ્ટાચારી મંચ પર જોવા ન મળે**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં મેઘરાજાએ વરસાદ વરસાવીને ભાજપ સરકારનાં ભ્રષ્ટાચારમુકત શાસનની પોલ ખોલી નાખી છે. ઠેકઠેકાણે માર્ગો તુટી જવા, બેફામ ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, ભૂગર્ભ ગટર જામ થવી સહિત અગણિત સમસ્યાઓ ઉજાગર કરવા માટે જનતા મેદાનમાં આવી છે અને અમુક નિષ્ઠાવાન ભાજપીઓ પણ હવે સરકાર સામે અવાજ ઉઠાવતા થયા છે.

ગુજરાતમાં લાગલગાટ ૩૦ વર્ષથી અવિરત ભાજપનું શાસન હોવાથી સત્તાપક્ષનાં આગેવાનો અને શાસકોને ચૂંટણીનો કોઈ ડર રહ્યો ન હોવાથી ભ્રષ્ટાચારી અધિકારીઓનાં સંગાથે પંચાયતથી લઈને પાલિકા અને "મનરેગા", પાણી–પુરવઠા, વીજ વિભાગ, આરટીઓ, મહેસુલ, પંચાયત, વન, એસ.ટી. સહિતનાં વિભાગોમાં ભ્રષ્ટાચારે હદ વટાવી દીધી છે. રોડપતિ કાર્યકર આજે કરોડપતિ બની ગયા છે. કયાં સરકારી વિભાગમાં ભ્રષ્ટાચાર થતો નથી તેની તપાસ કરવી પડે તેવી ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે અને શાસકો ભ્રષ્ટાચારમુકત શાસન હોવાનું હાસ્યાસ્પદ નિવેદન આપીને જનતાની નજરમાંથી ઉતરી રહ્યા છે. જો જનતા સતત જાગૃત બને તો એકપણ ભ્રષ્ટાચારી મંચ પર સ્થાન ન પામી શકે તે પણ હકીકત છે.


સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ
Since 1997
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
Ad 102

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ખુશ ખબર સારા સમાચાર
TATA AIA LIFE INSURANCE
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫




# અમરેલીના ગજેરા કેમ્પસ સ્કુલ વિભાગમાં ''બેગલેસ–ડે અને આનંદદાયી શનિવાર''ની ઉજવણી










અમરેલી તારીખ ૫/૭/૨૦૨ને શનિવારના રોજ શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસમાં ધોરણ ૧ થી ૮ ગુજરાતી, અંગ્રેજી અને મિશ્ર માધ્યમ પ્રાથમીક શાળા તેમજ શ્રીમતી એસ.એચ. ગજેરા સંચાલીત વિદ્યાસભા જ્ઞાનશકિત શાળામાં 'બેગલેસ–ડે' અને આનંદદાયી શનિવારની ભવ્ય ઉજવણી કરવામાં આવી સરકારનાં પરિપત્ર NEP ૨૦૨૦ અને NEP-SE ૨૩ મુજબ પ્રથમ શનિવારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રથમ શનિવારમાં ''પ્રાર્થનાસભા કાર્યક્રમ'' રાખવામાં આવ્યો હતો જેમાં ૐ કાર નાદ, સમૂહ પ્રાર્થના, ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સંચાલન, પંચાંગ, જાણવા જેવું, સમાચાર પત્ર, ધૂન, ભજન, બાલગીત, લોકગીત, લગ્ન ગીત, દેશભકિતગીત, સમૂહગીત, ભગવદ્ ગીતા શ્લોક, અને રાષ્ટ્રગાન જ્ઞાનશકિત શાળાનાં ધોરણ ૬/૭/૮નાં વિદ્યાર્થી બહેનો અને ભાઈઓએ પણ અવનવી સાંસ્કૃતિક–સાહિત્યીક પ્રવુતિઓમાં ભાગ લીધો હતો. ત્યારબાદ બધાજ વિદ્યાર્થીઓ યોગ, પ્રાણાયામ, આસન વગેરે પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી આ ઉપરાંત વકૃત્વ, લોકવાર્તા, નિબંધ સ્પર્ધા, માટીકામ, સર્જનાત્મક પ્રવૃત્તિ, ચિત્રકળા, એકપાત્ર અભિનય, નાટક, શાયરી–ગઝલ–કાવ્ય લેખન, દુહા–છંદ–ચોપાઈ વગેરેનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. આમ આખા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ રસપૂર્વક ભાગ લઈ આનંદદાયી શનિવારની ખૂબજ મજા માણી હતી. તે ઉપરાંત રમત–ગમત તેમજ ખાસ બાળકોની સુષુપ્ત શકિતઓ જાગૃતતા માટે નવા વિચારો માટે સ્કીલ ડેવલોપમેન્ટ–વોકેશનલ એજયુકેશન વિશેષ સમજ આપી હતી. આ આનંદદાયી શનિવાર કાર્યક્રમમાં માનનીય કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખાસ ઉપસ્થિત રહી સરકારનાં પરિપત્ર મુજબ વિદ્યાર્થીઓને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહિત કરી વિદ્યાર્થીઓનાં આનંદમાં વધારો કર્યો હતો. જણાવ્યું હતું કે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના જે વિચારો છે કે બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે અનુસંધાને આ શિક્ષણ નીતિનો અમલ કરી સૌ સ્ટાફ અને સંસ્થા મેનેજમેન્ટ ખુબ આનંદ અનુભવે છે અને આગળ પણ બાળકો ઉત્સાહપૂર્વક ભણતર સાથે ગણતર કરે તેવી વ્યવસ્થા થશે. આ આનંદદાયી શનિવારનાં કાર્યક્રમમાં શાળાના આચાર્ય તેમજ તમામ શિક્ષક સ્ટાફ મિત્રો દ્વારા આનંદ, ઉત્સાહ અને ઊર્જા સાથે ભાગ લઈ આજના દિવસને સફળ બનાવવા પ્રયાસ હાથ ધારાયો હતો. તેવું વિદ્યાસભાની યાદી જણાવે છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૬૫ | ૧૬૮૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૫૮૦ |
| ૩ | મગફળી | ૧૦૪૦ | ૧૦૭૦ |
| ૪ | જીરૂ | ૨૭૧૦ | ૩૭૬૦ |
| ૫ | ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| ૬ | તલ સફેદ | ૧૬૦૫ | ૧૭૬૫ |
| ૭ | તલ કાળા | ૨૫૩૦ | ૩૧૩૦ |
| ૮ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૫૦ |
| ૨ | શિંગ મોટી | ૭૭૦ | ૧૧૦૪ |
| ૩ | શિંગદાણા | ૧૨૫૦ | ૧૫૨૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૨૪૯૬ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૪૦૫ |
| ૬ | તલ કાળા | ૧૮૦૦ | ૩૭૬૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૪૧૨ |
| ૮ | બાજરો | ૩૭૨ | ૩૭૨ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૫૦૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૦૦ | ૫૪૨ |
| ૧૨ | મગ | ૮૫૦ | ૧૩૫૫ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૨૮૦ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૧૨૫ |
| ૧૫ | ચણા સફેદ | ૭૦૦ | ૧૧૧૧ |
| ૧૬ | તુવેર | ૮૨૬ | ૧૨૯૨ |
| ૧૭ | કપાસ | ૭૯૨ | ૧૬૬૬ |
| ૧૮ | એરંડા | ૧૧૯૧ | ૧૩૦૦ |
| ૧૯ | જીરૂ | ૩૧૦૦ | ૩૮૩૫ |
| ૨૦ | ધાણી | ૧૦૧૦ | ૧૩૩૦ |
| ૨૧ | મેથી | ૫૨૫ | ૮૩૦ |
| ૨૨ | સોયાબીન | ૬૫૦ | ૮૦૩ |
| ૨૩ | કાંગ | ૫૦૦ | ૫૯૧ |

## અવસાન નોંધ

**દામનગર:** (ભાલવાવ) મોતીબેન જોધાભાઈ સાસલા (ઉ.વ.૯૨) તે સ્વ. દેવાભાઈ, ગોકુળભાઈ અને વરજાંગભાઈના માતુશ્રી, ભુરાભાઈ હાજાભાઈ સાસલા (દામનગર) અને રામભાઈ હાજાભાઈ સાસલાના કાકી, રઘુભાઈ અને લાલાભાઈના મોટાબાનું ભાલવાવ મુકામે અવસાન થયેલ છે. સ્વ. ની ઉત્તરક્રિયા–પાણીઢોળ તા. ૧૦/૭/૨૫ને ગુરૂવારના ભાલવાવ મુકામે રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૫૦૫ | ૮૬૦ |
| ૨ | ચણા | ૧૦૮૯ | ૧૦૮૯ |
| ૩ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| ૪ | તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૫ | મગ | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૬ | રાઈ | ૧૦૫૫ | ૧૦૫૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૭૧ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૧૫ |
| ૬ | તલ કાળા | ૨૮૦૦ | ૩૮૧૦ |
| ૭ | જીરૂ | – | ૩૬૦૦ |
| ૮ | કપાસ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૫ | ૪૮૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૫ |
| ૧૧ | બાજરો | ૩૦૦ | ૪૦૦ |
| ૧૨ | જુવાર | ૬૦૦ | ૭૫૦ |
| ૧૩ | મગ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૧૪ | અડદ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૧૬ | એરંડી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૭ | ધાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | – |

## ટીંબી : શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૧૧ લાખની સહાય



ટીંબી, તા. ૫

વિશ્વ પ્રસિધ્ધ શ્રીહરિ સત્સંગ સેવા ટ્રસ્ટ (શ્રી સ્વામિનારાયણ મંદિર – કુંડળ, જી. બોટાદ) તીર્થક્ષેત્ર દ્વારા તા. ૩/૭/૨૦૨૫ના રોજ આ સંસ્થાનાં સ્થાપક પ. પૂ ગુરૂવર્ય જ્ઞાનજીવનદાસ સ્વામીજીની આજ્ઞાથી તેમના અનુગામી પૂજયપાદ શ્રી ઈશ્વરચરણદાસ સ્વામીજીનાં વરદહસ્તે રૂપિયા અગીયાર લાખ પુરાનાં અનુદાનનાં ચેક હોસ્પિટલનાં વહિવટકર્તા ટ્રસ્ટી બી. એલ. રાજપરાને અપર્ણ કરેલ છે. કુંડળધામ સંસ્થાનાં પ. પૂ. ગુરૂવર્ય જ્ઞાનજીવનદાસ સ્વામીજીને હોસ્પિટલનાં ટ્રસ્ટી બી. એલ. રાજપરા દ્વારા હોસ્પિટલનાં પ્રણેતા બ્ર. પ. પૂ. સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં ''જીવન ચરિતામૃત'' ગ્રંથ અને શાલ અર્પણ કરીને ભાવવંદના કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કુંડળ ધામ દ્વારા હોસ્પિટલને વખતોવખત અનુદાન પ્રાપ્ત થઈ રહ્યુ છે. સમગ્ર ટ્રસ્ટીગણ કુંડળધામ ટ્રસ્ટનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરે છે.

## ધરાઈ ખાતે ૧૨ જુલાઈથી હિંડોળા ઉત્સવ મનોરથ યોજાશે

બાબરા, તા. ૫

બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન પુષ્ટિયાત્રા ધામ તરીકે ઓળખાતા નિધિસ્વરૂપ શ્રી બાલમુકુન્દ પ્રભુને આંગણે આગામી તારીખ ૧૨/૭/૨૦૨૫ શનિવારથી એક મહિનો ચાલનાર હિંડોળ ાઉત્સવનો પ્રારંભ થવા જઈ રહ્યો છે તેમજ તારીખ ૧૩/૭/૨૦૨૫ રવિવારના રોજ વ્રજકમલ મનોરથ તારીખ ૧૪/૭/૨૦૨૫ સોમવારના રોજ છાક મનોરથ તથા ૧૫/૭/૨૦૨૫ મંગળવાર સુધી એલોકિક મનોરથનું આયોજન રાખેલ છે તો આ મનોરથમા શ્રી બાલમુકુન્દ હવેલી ટ્રસ્ટ વતી વ્હાલા



વૈષ્ણવોને મનોરથના દર્શન તથા ઠાકોરજીનો મહાપ્રસાદ લેવા હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

પાના ૮ ઉપરનું ચાલું

## લીલીયા મોટાનાં ગ્રામજનોની

લીલીયા ગ્રામ પંચાયત સત્તાધીશો સામે કાર્યવાહી કરવા પણ પત્ર લખેલ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. સ્થાનિક ગ્રામ પંચાયત સત્તાધિશોને તાલુકા વિકાસ અધિકારીએ કારણદર્શક નોટિસ આપેલ છે તેમ છતાં ગ્રામ પંચાયત સત્તાધીશો અમલવારી કરવામાં સંપૂર્ણ નિષ્ફળ નીકળતા શહેરીજનો રોષભેર વિરોધ કરી રહ્યા છે. આ તકે આવેદનપત્ર આપતાની સાથે લોકોએ આ પ્રશ્નોનું નિરાકરણ લાવવા માંગ સાથે આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૬૨ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૮૦ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૦૫૫ |
| ૪ | શીંગફાડા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૫ | મગફળી | ૯૫૦ | ૯૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ૭ | સોયાબીન | ૭૫૦ | ૭૬૦ |
| ૮ | મગ | ૧૩૦૦ | ૧૩૧૦ |
| ૯ | શીંગદાણા | ૧૪૫૦ | ૧૬૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૧ | ૧૦૩૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૦૭ |
| ૩ | તલ કાળા | ૩૧૫૧ | ૩૧૫૧ |
| ૪ | તલ પીળા | ૧૯૦૩ | ૧૯૦૩ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | બાજરો | ૩૫૦ | ૫૦૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૪૯૦ |
| ૮ | જુવાર | ૫૦૧ | ૮૩૫ |
| ૯ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૦ | મગ | ૧૨૭૬ | ૧૩૫૦ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૩૫૦ |
| ૧૨ | તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૧૦૧ |
| ૧૪ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | સોયાબીન | ૬૦૦ | ૮૦૦ |
| ૧૬ | રાય | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૧૭ | ચોળી | ૬૫૦ | ૧૫૦૦ |
| ૧૮ | શીંગદાણા | ૧૪૧૦ | ૧૫૦૦ |

# બગસરામાં મોહરમ પર્વ નિમિત્તે તાજીયા બનાવવાની પૂર્વ તૈયારી






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરામાં મોહરમ પર્વ નિમિત્તે તાજીયા બનાવવા માટે આખરી ઓપ આપવામાં આવ્યો છે જેની પૂર્વ તૈયારી ચાલી રહી હોય ત્યારે સમગ્ર ગુજરાતમાં તાજીયા મોહરમ મનાવવામાં આવે છે. ત્યારે અમરેલી જિલ્લાના બગસરામાં વર્ષોથી તાજીયા જોવા માટે લોકો ગામેગામથી આવે છે અને વખણાય છે ઈમામ હુસેનની યાદમાં મોહરમ મનાવવામાં આવે છે આજ રાત ૧૨ કલાકથી તાજીયા પડમાં આવશે અને આવતીકાલે ઠંડા થશે તેનો લાવો આસપાસના ગામના લોકો તથા અમરેલી જિલ્લાથી બહારથી આવતા લોકો તાજીયા જોવા માટે આવે છે બગસરામાં આ વખતે ૪૦ જેટલા તાજીયા જોવા મળશે જે અમરેલી જિલ્લામાંથી બગસરામાં વધુ જોવા મળશે બગસરામાં હિન્દુ મુસ્લિમની એકતાનું પ્રતીક એટલે મોહરમ જેમાં હિન્દુના લોકો પણ આ તાજીયામાં આલોટવાની તથા શ્રીફળ ચાંદીની આંખ ચડાવવાની માનતા રાખે છે. બગસરામાં રંગબેરંગી કલાત્મક તાજીયાને આખરી ઓપ આજે આપવામાં આવ્યો છે ત્યારે તેને બગસરાની બજારમાં દર્શનાથ માટે લોકો તલપાપડ થઈ રહ્યો છે.

## ગટર, ગેસ અને માર્ગનાં કામમાં નિયમોનો ઉલાળીયો

# સાવરકુંડલાનાં જેસર માર્ગ ઉપર જયાં ત્યાં ખોદાણથી પરેશાની

ગોકળગાયને પણ શરમ આવે તેવી ગતિથી કામ થતું હોય શહેરીજનો પરેશાન

ચોમાસામાં ઠેર-ઠેર માર્ગમાં ગાબડા અને કાદવ કીચડનું સામ્રાજય ફેલાયુ

વિકાસકાર્યો માટે જરૂરી નિયમોનું પણ પાલન કરાતું નથી

શહેર કોંગ્રેસ પ્રમુખે પાલિકાનાં પ્રમુખ અને સીઓને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૫

સાવરકુંડલા કોંગ્રેસનાં પ્રમુખવિજયભાઈ ડોડીયાએપાલિકાનાં પ્રમુખ અને ચીફ ઓફિસરને પત્ર પાઠવેલછે.

પત્રમાં જણાવેલ છે કે, સાવરકુંડલા શહેરી વિસ્તાર વોર્ડ નંબર ૮નાં જેસર રોડનાં પીકઅપ બસ સ્ટેન્ડથી વિજયાનગર રોડ પરના વિસ્તારો ગીતાંજલી સોસાયટી, સહયોગ રેસીડેન્સી સુધીનાં રોડ રસ્તા તેમજ ગટરનું કામ છેલ્લા છ મહિના પહેલા કરવામાં આવેલ હતું. પરંતુ આ રોડ રસ્તા કે ગટરનું કામ આજદિન સુધી પૂર્ણ થયેલ નથી અને રોડ રસ્તા તેમજ ગટરનાં કામો અધૂરા પડેલ છે તેમજ આ વિસ્તરોમાં ઓછામાં વધુ ગેસની પાઈપલાઈનનું કામ પણ કરવામાં આવતું હોય. આ તમામથી રોડ રસ્તાની સ્થિતિ અત્યંત ખરાબ થયેલ છે. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા શહેરના હૃદય સમાન જેસર રોડ પરના વિસ્તારો અને સોસાયટીઓમાં કામ કરવા માટે તેમનું ખોદાણ કરવામાં આવેલ છે પરંતુ આ રોડ તેમજ ગટર ની કામગીરી શરૂ કરવામાં આવેલ ત્યાર બાદ આ કામગીરી હજુ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ નથી. જેથી રોડ પર આમ જનતા અને રાહદારીઓ માટે હાલ ખુબજ મુશ્કેલ અનુભવી રહ્યા છે.

આ રોડ પર હાલ ગંદકી અને કાદવ કીચડનું સામ્રાજય ઉભું થયેલ છે, લોકોને પારાવારિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમ છતાં તંત્ર દ્વારા આ રોડ રસ્તા કે ગટરનાં કામ પૂર્ણ કરવાની કોઈ તસ્દી લેવામાં આવતી નથી.

આ પ્રશ્ને ઉકેલ લાવી સત્વરે ન્યાય હિતમાં નિર્ણય લેવા અંતમાં માંગ કરવામાં આવી છે.

## સાવરકુંડલા ખાતે મુસ્લિમોના પર્વમાં હિન્દુ યુવકો તૈયાર કરે છે તાજીયા



સાવરકુંડલા, તા. ૫,

દેશભરમાં મુસ્લિમોના મહોરમના પર્વમાં કલાત્મક તાજીયા હઝરત ઈમામે હુસૈનની યાદમાં બનાવીને તહેવાર ઉજવાઈ છે પણ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામનું અનોખું ઉદાહરણ કોમી એકતાની મિસાલ બન્યું છે હિન્દુ ધર્મના યુવકો દ્વારા આ કલાત્મક નક્શી કામ સાથેના તાજીયા હિન્દુ યુવકો તૈયાર કરે છે ને મુસ્લિમો આ તાજીયા આજે આશુરાના દિવસે માતમ સ્વરૂપે મનાવશે ત્યારે આ વીજપડી ગામની મહોરમ પર્વમાં બનાવતા તાજીયાની અનોખી મિસાલ દેશભરમાં કાયમ થાય તો જ્ઞાતીના ભેદભાવના અજગર ભરડામાંથી મુકિત મળી કહેવાય. અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વીજપડી ગામના હિન્દુ યુવાનો દ્વારા છેલ્લા ૬ વર્ષથી કલાત્મક તાજીયા બનાવવામાં સહભાગી બને છે તાજીયાની કલાત્મક કોતર કામ, નક્શી કામ, પુઠાઓ ચડાવવા, રંગેબેરંગી કાગળોથી આંખોને નયનરમ્ય લાગે તેવા સુંદર તાજીયા હિન્દુ યુવાનો દ્વારા તૈયાર કરવામાં આવે છે દિવસે પોતાનું કામ પૂર્ણ કરીને રાત્રિના આ હિન્દુ યુવાનો આ તાજીયા તૈયાર કરવા મુસ્લિમ ધર્મગુરૂના નિવાસસ્થાને આવે છે ને અડધી રાત સુધી તાજીયા બનાવવામાં મહેનત કરીને એક બેનમૂન તાજીયા તૈયાર કર્યા છે જેમાં રંગેબેરંગી કલર સાથે એલ.ઈ.ડી. લાઈટો જગમગારા મારતા રાત્રિના તાજીયા આજે વીજપડી ગામમાં માતમમાં આવશે ત્યારે દીદાર દર્શન માટે હિન્દુ મુસ્લિમો ઉમટશે ત્યારે એ તાજીયા તૈયાર કરનાર હિન્દુ યુવકે ધર્મની આડમાં થતા પાખંડ સામે મુટ્ઠી ઊંચેરો માનવી સાબિત થઈને કોમી એકતાને ભાઈચારાની ભાવના એજ દરેક ધર્મની ભાવનાઓ હોવાનું તાજીયા બનાવનાર હિન્દુ કારીગર નલીન રાઠોડે જણાવ્યું હતુ જયારે આ કલાત્મક તાજીયા તૈયાર કરવામાં ૩ મહિના જેવો સમય વીતે ત્યારે આવા આકર્ષિત તાજીયા તૈયાર થાય છે જયારે મુસ્લિમ ધર્મગુરૂ સલીમબાપૂ કાદરી છેલા ૯ વર્ષથી વીજપડી ગામમાં આવ્યા ત્યારથી તાજીયા તૈયાર કરે છે આ તાજીયા બનાવવામાં વીજપડીના હિંદુ સમાજના નલીન રાઠોડ, શૈલેષ રાઠોડ, પ્રવિણભાઈ મિસ્ત્રી અને રાજુભાઈ બાબર તાજીયા બનાવવા આવે છે ને મુસ્લિમ ધર્મગુરૂના માર્ગદર્શનમાં કલાત્મક તાજીયા બને છે તેનો મુખ્ય હેતુ વીજપડી ગામમાં કોમી એકતાની ભાવનાઓ અકબંધ જળવાઈ રહે ને ૧૦ દિવસે મહોરમના તાજીયામાં હિન્દુ સમાજના યુવાનો સાથે સહભાગી થઈને એકતાની મિસાલ કાયમ કરે છે તેવું મુસ્લિમ ધર્મગુરૂ સલીમબાપુ કાદરીએ જણાવ્યું હતું ત્યારે આજના આ કળિયુગમાં જ્ઞાતિવાદના અજગર ભરડા વચ્ચે પણ માનવતા અને કોમી એકતાની ઉમદા મિસાલ વિજપડી ગામે કાયમ કરી છે ને મુસ્લિમ સમાજના સૌથી મહત્વના મહોરમના તાજીયા હિન્દુ યુવાનોએ બનાવીને છેલ્લા ૬ વર્ષથી ભાઈચારાની ભાવનાઓ પ્રજલ્વીત કરીને સર્વધર્મ સંભાવનું ઉદાહરણ વીજપડી ગામ બન્યું છે.

## સાવરકુંડલાના વોર્ડ ૬માં 'સંકલ્પથી સિદ્ધિ' ખાટલા બેઠક સંપન્ન



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'સંકલ્પથી સિદ્ધિ'ના સફળ ૧૧ વર્ષની ભવ્ય ઉજવણીના ભાગરૂપે, ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૬ ખાતે એક પ્રેરણાદાયી ખાટલા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ભાજપના અસંખ્ય કાર્યકરો અને સ્થાનિક આગેવાનો ઉત્સાહભેર ઉમટી પડ્યા હતા.

આ બેઠક જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના સક્ષમ માર્ગદર્શન હેઠળ અને સાવરકુંડલા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. ઉપસ્થિત કાર્યકરોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ૧૧ વર્ષમાં હાંસલ કરવામાં આવેલી અદ્ભુત સિદ્ધિઓને મુકતપણે બિરદાવી હતી. બેઠક દરમિયાન, રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે ભાજપ સરકારના દ્રઢ સંકલ્પ, જનકલ્યાણકારી યોજનાઓ અને ખાસ કરીને સાવરકુંડલા વિસ્તારમાં થયેલા વિકાસ કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આગેવાનોએ કાર્યકરોને સંબોધતા જણાવ્યું કે ભાજપ સરકારે દેશના દરેક વર્ગના ઉત્થાન માટે કમર કસી છે અને અનેક યોજનાઓ અમલમાં મૂકી છે, જેનાથી સામાન્ય નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. આગેવાનોએ કાર્યકરોને સંગઠનને વધુ મજબૂત કરવા અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ દરેક જરૂરિયાતમંદ વ્યકિત સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે આહ્વાન કર્યુ હતું. આ બેઠક દ્વારા ભાજપના કાર્યકરોમાં નવું જોમ અને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, જે આગામી સમયમાં પક્ષના કાર્યોને વધુ ગતિશીલ બનાવવા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'સંકલ્પથી સિદ્ધિ'ના વિઝનને સાકાર કરવા માટે અત્યંત પ્રેરણાદાયી સાબિત થશે.

## જિલ્લા ભાજપ પરિવાર દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયું

# અમરેલી ખાતે આજે જિલ્લાનાં નવનિયુકત ૧૧૫ સરપંચોનુ સન્માન

### સાસંદ, ભાજપા પ્રમુખ, ધારાસભ્યો ઉપસ્થિત રહેશે



ભાજપના મંત્રી અને સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારીનાં જે.વી. કાકડીયા રાજુલાનાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ઉપસ્થિત રહેશે.

અમરેલી, તા. ૫

પંચાયતી રાજયનાં એકમ સમાન રાજયમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ગત સપ્તાહે અમરેલી જિલ્લાનાં ૧૧૫ જેટલાં સરંપચોને અમરેલી જિલ્લા ભાજપ દ્વારા સન્માનિત કરવામાં આવશે. અમરલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ સન્માન સમારોહમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ અને લોકસભાના સાસંદ ભરતભાઈ સુતરિયા, પ્રદેશ તા. ૬ જુલાઈ રવિવારના રોજ શ્યામ વાડી, લીલીયા રોડ અમરેલી ખાતે આયોજીત નવા ચુંટાયેલા સરપંચઓના સન્માન સમારોહ સાથે રાષ્ટ્ર તેમજ રાજય સરકારની ગ્રામ વિકાસ તેમજ લોકહિતની કલ્યાણકારી યોજનાઓ અંગે મહાનુભાવોનું માર્ગદર્શન મળશે તેમ જીલ્લા ભાજપની અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ખાંભા ખાતે આંતર રાષ્ટ્રીય સહકારી સપ્તાહની ઉજવણી





ખાંભા, તા. ૫

ખાંભા ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણી ના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ અને ૧ જુલાઈ થી ૬ જુલાઈ ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય સહકારી સપ્તાહ અંતર્ગત તેમજ આંતર રાષ્ટ્રીય સહકાર વર્ષ ૨૦૨૫ અને ભારત સરકારના સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિત્તે જે. એન. મહેતા હાઈસ્કુલ ખાતે સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ખાતે દ્રીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં સહકારી સેમિનાર વકૃત્વ સ્પર્ધા નિબંધ સ્પર્ધા વૃક્ષારોપણ સ્વછતા અભિયાન સહિતના કાર્યક્રમ યોજાયા હતા આ કાર્યક્રમમાં જે એન મહેતા હાઈસ્કુલના વિધાથી ઓ એ ભાગ લીધો હતો અને સ્પર્ધામાં ૧થી ૩ નંબર આવેલ વિધાર્થીઓને અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ઈનામ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા આ અવસરે અમરેલી જિલ્લા સંઘ ના ડિરેક્ટર અંબરીષ જોષી, અરવિંદભાઈ ચાવડા, વિપુલભાઈ શેલડિયા, રમેશભાઈ માંડવીયા, સરપંચ પ્રતિનિધિ બાબાભાઈ ખુમાણ, આનંદ ભટ્ટ, કૌશિક માણલકિયા, મહેન્દ્રભાઈ હરિયાણી, જે. એન. મહેતા હાઈસ્કુલના પ્રિન્સિપાલ કે.ડી. સતાશીયા તેમજ વિધાથીર્ઓ શિક્ષકો સ્ટાફ સહિત ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અજીત સિંહ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.




